REVIEW OF RESEARCH
ISSN: 2249-894X
IMPACT FACTOR : 5.2331(UIF)
VOLUME - 7 | ISSUE - 5 | FEBRUARY - 2018

# वरसीने छवाइ वरसादी-अवसादी कविता

डॉ. पूजा तन्ना
एम.ए., एम.फिल.,पीएच.डी.

वरसीने छवाइ वरसादी-अवसादी कविता,
श्री सवा जेवी सवाइ
- जाणीता कवि दिनेश कानाणीनी वरसादनी अेकसो अेकोतेर कवितानी झरमर
- के बुकस-राजकोटनुं अनोखुं प्रकाशन

बुक टाइटल वरसाद
(वरसादनी १७१ कविता) कवि : दिनेश कानाणी
प्रकाशक : के बुकस-के हाउस, नवा गांधीग्राम पोलीस स्टेशन पासे,
कयुट बेबी केर होस्पिटलवाळी शेरी, १५० फूट रिंग रोड-राजकोट-३६०००७
(फोन नं. ०२८१-२५८११६४) पृष्ठ : १८४, मूल्य : रु. १५१/-

आ पृथ्वी पर कोइपण माणस अेवो नहीं ज होय जेने वरसाद न गमतो होय ! झूंपडामां रहेतो के फूटपाथ पर रहेता माणसनेय भले मुश्केलीओ आवे तोय अे वरसादने तो आवकारतो ज होय छे. केमके अेतो आख्खी जींदगी अंदरना अने बहारना आकरा ताप सहेतो होय छे अेटले वरसाद अेने थोडीक शाता आपतो होय छे. प्रकृतिना विनाश माटे तत्पर मानव समाज हवे ग्लोबल वोर्मीगनी गरबडमां फसायो छे हवे तो कयां कोइपण ऋतु अेना नियत समय मुजब आवे छे. गम्मे त्यारे गम्मे ते ऋतु मन पडे तेम आवे-जाय छे. केमके आपणे ज ऋतुचक्रमां खलेल पहोंचाडी रहया छीअे.

मात्र अने मात्र वरसादने ज विषय बनावीने जाणीता कवि दिनेश कानाणीअे अेकसो अेकोतेर काव्यो लघुकाव्योनुं सर्जन कर्युं, अे पण निरंतर चोत्रीस दिवस सुधी वरसादी काव्योनी झरमर कलम-कागळ पर टपकती रही अे काव्योनी होडी, राजकोटनी प्रकाशन संस्था 'के बुकस' द्वारा आपणी समक्ष लांगरी छे आ अेक विशिष्ट संग्रह छे. योगेश चोलेरा भिन्न-भिनन स्वरुपना पुस्तकोनुं प्रकाशन करवा माटे जाणीता छे. अने आम पण काव्यना पुस्तकोना प्रकाशन माटे प्रकाशको ओछो रस धरावता होय छे. दिनेश कानाणीनी आ वरसादी-अवसादी-प्रसादी कविता कयारेक आपणी आंख भीनी करे छे तो कयारेक वरसादना व्हालमां भींजवे छे कविअे जीलेला शब्द छांटा आपणेय चपटीक झीलीअे...

जिंदगीने 'ऊभी' करवा माटे,
वरसाद
'पडे' छे !!!

--------
घरनां संघर्ष भर्या
दिवसोमां
वारंवार
'बा' जेने आंखोमां संताडी राखती,
अेनुं नाम पण
वरसाद !!!

छेक बचपणथी / हुं सांभळतो आव्युं छुं / के / पहेला वरसादमां पलळी लेवुं !! / पण अेवुं तो कोइअे न कहयुं के / पहेला वरसादने / छेल्लो गणीने / अेक बीजाने मळी लेवुं!!

जाणीता सर्जक वीनेश अंताणी आ वरसादी अनुभूतिने आवकारता लखे छे : आ काव्योमां वरसादनां विविध रुप झिलायां छे. अेमां मानवीय संवेदन छे, वरसाद माटे बाळसहज विस्मय छे भरपूर प्रेमनी झंखना छे, जीवन अने संबंधोना अर्थ समजवानी तरस छे, तर्क छे. फिलोसोफी छे केटलीय टचूकडी कवितामां टुंकी वार्तामां आवे तेवा तणखा छे, यमत्कृति छे. चित्रात्मकता छे, सायुजय छे प्रियजननी प्रतिक्षा छे अने मिलननो उन्माद छे स्मृतिओ तो अपार छे आ काव्योनो लय कयारेय धीमी धारे वरसतां वरसादनां बुंद बुंदनो लय छे, तो बंने कांठे वहेती नदीना प्रवाहनी गंभीरता पण छे. वरसाद वरसतो होय त्यारे भीतर ऊछळता भावोने काबूमां राखवा मुश्केल. अहीं, आ काव्योमां वरसाद बहार वरसतो नथी, संवेदनशील कविना चित्तमां वरसे छे. दिनेश कानाणीअे कवितानी नानी नानी होडीओ वरसादमां तरवा मूकी छे.

वरसाद प्रेमीओने, विरही आत्माओने आ काव्यो खूब गमशे. काव्यप्रेमीओ माटे पण वरसाद विशेनी जुदी-जुदी अनुभूतिओ हृयस्थ करवा जेवी छे.

तने
वरसादमां
ऊभेली जोइने
में
कविता लखवानुं शरुं कर्युं
त्यां तो
बधां ज शब्दो
नदी बनी गयां !!

- दिनेश कानाणी



**डॉ. पूजा तन्ना**
**एम.ए., एम.फिल.,पीएच.डी.**